Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | Candidate Number

# Pearson Edexcel Level 3 GCE

## Wednesday 22 May 2024

Afternoon (Time: 2 hours 30 minutes)

**Paper reference** **9GU0/01**

# Gujarati

**Advanced**

**PAPER 1: Translation into English, Reading comprehension and Writing (research question) in Gujarati**

**You do not need any other materials.**
**Dictionaries are not allowed in this examination.**
**Documentation relating to the research is not allowed in this examination**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer question 1 in Section A. Answer **all** questions in Section B.
- You must answer **one** question from Section C. Write approximately 300 to 350 words for questions in Section C.
- We recommend you spend 20 minutes on Section A: Translation into English, 45 minutes on Section B: Reading comprehension and 1 hour 25 minutes on Section C: Writing (research question).
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*

## Information

- The total mark for this paper is 80.
- The marks for **each** question are shown in brackets.

## Advice

- Read each question carefully before you start to answer it.
- Check your answers if you have time at the end.

*Turn over*


©2024 Pearson Education Ltd.


Pearson

## SECTION A: TRANSLATION INTO ENGLISH

**Write your answer in the space provided.**

**We recommend you spend around 20 minutes on this section.**

**1** Translate the following text about alienation of migrants from Gujarati into **English**.

ગુજરાતમાં એવા કેટલાય સમુદાયો છે જેમની પાસે રોજગાર કે રહેવા માટે કાયમી સ્થાન નથી હોતું. તેઓ કામ માટે સતત સ્થળાંતર કરતાં રહે છે.

ભૂતકાળમાં સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની સગવડો મર્યાદિત હતી. પરપ્રાંતિયો સામાન પહોંચાડીને અને જીવન જીવવા માટે કામચલાઉ મજૂરી કરીને આજીવિકા મેળવતા હતા. વિવિધ કળાઓમાં કુશળ કલાકારો અને સંગીતકારો કાર્યક્રમો દ્વારા જનતાનું મનોરંજન કરતાં. સમાજમાં તેઓનું સ્થાન સન્માનજનક હતું.

હાલના સમયમાં સમાજનો દૃષ્ટિકોણ બદલાયો હોવા છતાં, તેમને હજી પણ અન્યાયનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિ સુધારવા માટે સરકારે પગલાં લેવાનું નક્કી કર્યું. બેરોજગારી ઘટાડવા માટે અને મનોવૃત્તિ બદલવા માટે સરકારે નવી વિકાસલક્ષી યોજનાઓ શરૂ કરી. આ રીતે દરેકને ફાયદો થાય.

**(20)**

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**(Total for Question 1 = 20 marks)**

**TOTAL FOR SECTION A = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B: READING

**We recommend you spend around 45 minutes on this section.**

**Open-response questions do not have to be written in full sentences and you may respond using single words or phrases.**

**You may use words from the texts but you must not copy whole sections.**

**2** ઇ-સામયિકમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

**ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પર્યાવરણ પર થતી અસર**

ગુજરાત એક નોંધપાત્ર ઔદ્યોગિક રાજ્ય તરીકે જાણીતું છે. જેમ જેમ ઉદ્યોગો વિકાસ પામ્યા તેમ તેમ શિક્ષણ, આરોગ્ય તથા વાહનવ્યવહારની સુવિધાઓ વધી. મનોરંજનનાં સાધનો અને રોજગારીની નવી તકો મળવા લાગી. જેથી આકર્ષાઈને લોકો શહેરોમાં વસવા લાગ્યા.

કારખાનાઓમાં ઉત્પન્ન થતો કચરો નદીઓમાં જાય છે. આથી પાણી દૂષિત થવાની સાથે જળચર જીવો પણ નાશ પામી રહ્યા છે. ઉદ્યોગો ઉપરાંત વાહનોમાંથી સતત નીકળતો ધૂમાડો શ્વસનતંત્રને અસર કરે છે.

ગુજરાતનાં મહાનગરોમાં રહેઠાણોની અછત હોવાથી, ખેતી લાયક જમીનનો ઉપયોગ બાંધકામ માટે કરવામાં આવે છે. પ્લાસ્ટિકનો વપરાશ ખૂબ થવા લાગ્યો છે, જે જમીનનાં પ્રદૂષણને વધુ ગંભીર બનાવે છે. આને કારણે પર્યાવરણની અનેક સમસ્યાઓ ઊભી થઈ છે. આ પ્રકારની ગંભીર સમસ્યાઓને અટકાવવા માટે સરકારી કાયદાઓનું પાલન કરવું જરૂરી છે.

ઉદ્યોગીકરણ અને શહેરીકરણ એકબીજા સાથે સંકળાયેલાં છે. જો બંનેના લાભ મેળવવા હોય તો લોકોમાં જાગૃતતા લાવવી અત્યંત જરૂરી છે.

નીચે આપેલાં દરેક વાક્યને પૂરું કરવા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તે ખાનામાં ચોકડી ☒ મૂકો.

(i) ઉદ્યોગીકરણને કારણે .................................................................... થઈ છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** પરિવહનની સમસ્યાઓ |
| ☒ | **B** સાક્ષરતા ઓછી |
| ☒ | **C** આરોગ્યસેવા સારી |
| ☒ | **D** રોજગારી ઓછી |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) ફેફસાંની બીમારીઓ ........................................ ના કારણે થાય છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** જળ પ્રદૂષણ |
| ☒ | **B** દરિયાઈ જીવો |
| ☒ | **C** ધૂમ્રપાન |
| ☒ | **D** વાહનોની અવરજવર |

(iii) પ્રદૂષણને લીધે ........................................ થાય છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ઓછો પાક |
| ☒ | **B** વધુ બાંધકામ |
| ☒ | **C** ઓછું શહેરીકરણ |
| ☒ | **D** વધુ સ્થળાંતર |

(iv) લોકો પર્યાવરણના કાયદાઓને .........................................

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** અનુસરે છે. |
| ☒ | **B** જાણતા નથી. |
| ☒ | **C** ભૂલી જાય છે. |
| ☒ | **D** તોડતા નથી. |

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**3** કાપડ ઉદ્યોગ વિશે સમાચારપત્રમાં પ્રકાશિત થયેલો એક લેખ વાંચો.

**સુરત નગરી**

કાપડ ઉદ્યોગના વધુ વિકાસને કારણે કહી શકાય કે સુરત એ ગુજરાતની આર્થિક રાજધાની છે. વર્ષો પહેલાં અહીં પરંપરાગત સાડી તથા અન્ય વસ્ત્ર માટે બીબાંછાપ કાપડનું ઉત્પાદન થતું હતું. હવે અહીં વણાટકામ અને ભરતકામ માટેનાં આધુનિક મશીનો મોટી સંખ્યામાં કાર્યરત થયાં છે. પરિણામે સુરતમાં કાપડ ઉદ્યોગની નવી ઓળખ ઊભી થઈ છે.

આ ઉદ્યોગને લગતા વિકાસ કે મુશ્કેલીઓની કોઈપણ બાબત હોય ત્યારે ગુજરાત રાજ્ય અને કાપડ મંત્રાલય તરફથી વિના વિલંબે સતત સહાય મળે છે. જેથી અહીં વિકાસની ગતિ ખૂબ જ તેજ બની છે.

સ્થાનિક ઉદ્યોગપતિઓના જંગી મૂડીરોકાણને જોતાં એમ કહી શકાય કે સુરતનાં કાપડ ઉદ્યોગમાં સુવર્ણકાળનો પાયો તૈયાર થઈ રહ્યો છે. આજે સમગ્ર દેશ માટે માનવસર્જિત રેસા અહીં બનાવવામાં આવે છે. આથી દેશમાં સિન્થેટિક કાપડ માટે સુરત પ્રમુખ શહેર ગણાય છે. તેવી જ રીતે વિસ્કોસ કાપડના ઉત્પાદનમાં તો સુરત વિશ્વની સૌથી વિરાટ નગરી બની છે.

ક્યા વાક્યો સાચાં છે તે જણાવો અને ચાર સાચાં વાક્યો ચોકડી ☒ દ્વારા જણાવો.

| | |
|---|---|
| ☒ | **A** ગુજરાતની અર્થવ્યવસ્થા માટે સુરત બહુ જ અગત્યનું શહેર છે. |
| ☒ | **B** સુરતમાં કાપડ ઉપર છાપ પાડવા માટે આધુનિક મશીનો પહેલેથી જ હતાં. |
| ☒ | **C** કાપડ ઉપર થતી આધુનિક કળા-કારીગરી સુરત માટે આશીર્વાદરૂપ છે. |
| ☒ | **D** સુરતના વિકાસમાં સરકારનું વિશેષ યોગદાન છે. |
| ☒ | **E** પરદેશી વેપારીઓએ જંગી મૂડીરોકાણ કર્યું છે. |
| ☒ | **F** સુરતમાં કાપડની દુકાનો બહુ ઓછી છે. |
| ☒ | **G** કૃત્રિમ કાપડની નિકાસ સુરતમાંથી થાય છે. |
| ☒ | **H** વિશ્વમાં સુરતનું નામ કાપડના વેપાર માટે જાણીતું નથી. |
| ☒ | **I** સુરત ઊનનાં કપડાં માટે પ્રચલિત છે. |

**(Total for Question 3 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

4 તહેવારો વિશે વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચી નીચેના સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

## રંગોળી

ગુજરાતી લોકો દિવાળી અને બીજા શુભ પ્રસંગોમાં રંગોળી કરે છે. રંગબેરંગી આકૃતિઓથી સુશોભિત દરેક ઘરનું આંગણું ભારતીય પ્રાચીન સંસ્કૃતિ, પરંપરા અને લોકકલાનું પ્રતિબિંબ છે. અમુક તહેવારોની ઉજવણીઓમાં દીવાઓનો ઉપયોગ રંગોળીને વધુ આકર્ષક બનાવે છે.

પ્રાચીન સમયમાં જમીન અને ભીંત પર કરવામાં આવતી રંગોળીમાં કોરો અથવા ભીનો ચોખાનો લોટ, હળદર, સિંદૂર, ફૂલ-પાન જેવા કુદરતી પદાર્થોનો ઉપયોગ થતો હતો. આથી પર્યાવરણની જાળવણી અને તેનું રક્ષણ કરવાની ભાવના પણ મજબૂત બનતી. આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં દિવાલો પર આવી કલાકૃતિઓ જોવા મળે છે. ઘણા કલાકારો આ કળાના પારંપરિક રૂપને જાળવવા તથા તેને નવી પેઢીમાં જીવંત રાખવા માટે પ્રદર્શનો પણ યોજે છે.

આજકાલ પારંપરિક રંગોળીમાં ઘણો બદલાવ આવ્યો છે. બજારમાં વિવિધ પ્રકારની કૃત્રિમ રંગોળીઓ ઉપલબ્ધ છે. શહેરી લોકો પોતાના જીવનની વ્યસ્તતાને કારણે સમય બચાવવાના ઉપાયો શોધતા રહે છે. બજારમાં મળતી જમીન પર ચોંટાડી શકાય તેવી આકર્ષક રંગાવલીથી ઘરને શણગારવાનું તેઓ પસંદ કરવા લાગ્યાં છે.

આથી પરંપરાગત કળાઓ હવે વિસરાતી જાય છે અને કદાચ આવતીકાલની પેઢી દુર્ભાગ્યે આપણા સમૃદ્ધ વારસાથી વંચિત રહેશે.

(a) રંગોળીની ઉત્પત્તિ ખરેખર ક્યાંથી થઈ હતી?

**(1)**

........................................................................................................................................

(b) આંગણાની સજાવટ માટે વપરાતી સામગ્રી વિશે **બે** વિગતો આપો?

**(2)**

........................................................................................................................................

........................................................................................................................................

(c) આપણે કેવી રીતે જાણી શકીએ કે રંગોળીની પરંપરાને હજી પણ આદર આપવામાં આવે છે?

**(1)**

........................................................................................................................................

(d) શા માટે કેટલાક લોકો કૃત્રિમ રંગોળી પસંદ કરે છે?

**(1)**

........................................................................................................................................

(e) આપણે કેવી રીતે જાણી શકીએ કે પારંપરિક રંગોળીનું ભવિષ્ય જોખમમાં છે?

**(1)**

........................................................................................................................................

**(Total for Question 4 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA

**5** બિનપરંપરાગત સંબંધ વિશે એક ટૂંકી વાર્તાનો અંશ વાંચી સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**લગ્ન અને સંબંધો**

મોહન અને શ્રેયા એકબીજાને પસંદ કરતાં હતાં. બંનેએ લગ્ન કરીને આજીવન સાથે રહેવાનું નક્કી કર્યું. શ્રેયાના પિતા વિરેનભાઈ કડક સ્વભાવના હતા. આથી, શ્રેયા મોહનને મળવા જઈ શકે તે માટે પ્રિયા તેને મદદ કરતી. વિરેનભાઈનું સપનું હતું તેની દીકરીને પૈસાવાળા ઘરમાં પરણાવવાનું. જ્યારે તેમને શ્રેયાના ગરીબ મોહન સાથેના સંબંધની જાણ થઈ ત્યારે તરત જ શ્રેયાને નટવર સાથે પરણાવી દીધી.

લગ્ન પછી શ્રેયા ઘણી નારાજ હતી. તે અને મોહન એકબીજાને ભૂલી શકતાં ન હતાં. આથી દર ત્રીજા દિવસે ફોન પર વાતો કરતાં હતાં. એક દિવસ મોહન કહે, "માતાપિતા મારા લગ્ન કરાવવા માટે ખૂબ ઉતાવળ કરે છે". આથી મોહન સાથેના પોતાના સંબંધો તૂટી જવાના ડરથી શ્રેયાએ એક આગવો ઉપાય શોધ્યો. તેણીએ મોહન તથા પ્રિયાને એકબીજા સાથે લગ્ન કરવા મનાવી લીધા. સરળ મનની પ્રિયા આશ્ચર્યચકિત થઈ ગઈ. તેણી શ્રેયાની ચાલને સમજી ના શકી અને મોહનને પરણી ગઈ.

નટવરને શ્રેયાના પ્રેમસંબંધ વિશે જાણ થતાં વ્યથિત થઈને તેણે શ્રેયાને પોતાની જિંદગીમાંથી જતા રહેવા કહ્યું. શ્રેયા તરત જ મોહનના ઘેર ચાલી આવી. પ્રિયાએ તેને આવકારી અને બોલી, "શ્રેયા, મારા કરતા મોહન પર તારો હક્ક વધારે છે. આપણે ચારેય સાથે રહીશું એમ કહીને પોતાની બે મહિનાની દિકરી નિરાલીને તેણીના હાથમાં મૂકી દીધી".

(a) શ્રેયા-મોહનનું શું સપનું હતું?

**(1)**

..............................................................................................................................................

(b) શ્રેયાના પિતા માટે દીકરીની ખુશી કરતાં વધુ અગત્યનું શું હતું?

**(1)**

..............................................................................................................................................

(c) આપણે કેવી રીતે જાણી શકીએ કે પોતાના લગ્ન પછી પણ શ્રેયાનો મોહન સાથેનો સંબંધ મજબૂત હતો? **બે** વિગતો આપો.

**(2)**

..............................................................................................................................................

..............................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA



P 7 5 5 3 9 A 0 8 1 6

(d) પ્રિયાએ શા માટે શ્રેયાના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો?

**(1)**

..........................................................................................................................................

(e) શ્રેયાના પ્રિયા સાથેના સંબંધ પાછળ શું છુપાયેલું હતું?

**(1)**

..........................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

**TOTAL FOR SECTION B = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**SECTION C: WRITING (RESEARCH QUESTION)**

**Respond to ONE question from this section.**

**We recommend that you spend around 1 hour 25 minutes on this section.**

**Write approximately 300 to 350 words**

**EITHER**

**6 સમાજમાં મહિલાઓનું સ્થાન**

ગુજરાતી મહિલાઓને મળતી વિકાસની તકો દ્વારા તેઓએ મેળવેલી સિધ્ધિઓ વિશે ઇ-સમાચારપત્રમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગુજરાત રાજ્ય સરકારે મહિલાઓના વિકાસ માટે શિક્ષણ, પોષણ, આરોગ્ય, કૌશલ્ય, અને વહીવટી સક્ષમતા જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. સ્ત્રી સશક્તિકરણ માટે ખાસ આર્થિક સહાય પણ આપવામાં આવે છે. *નારી ગૌરવ દિવસ* નિમિત્તે મુખ્યમંત્રીએ *મહિલા ઉત્કર્ષ યોજના* મુજબ હજારો સખીમંડળોની અસંખ્ય બહેનોને વગર વ્યાજે મોટી રકમનું ધિરાણ કરીને તેઓના આર્થિક ઉત્થાન માટે અગત્યનું કદમ ઉપાડ્યું છે.
>
> વડોદરાના કાર્યક્રમમાં તેઓએ જણાવ્યું કે *સક્ષમ મહિલા - સશક્ત ગુજરાત*. સમાજના દરેક વર્ગને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં વિકાસની નવી તકો ઊભી કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં પરસ્પરનો સાથ, સહકાર અને નારી શક્તિનું સન્માન ખૂબ જરૂરી છે. આથી બધાના વિશ્વાસ અને આત્મબળમાં વધારો થશે અને તેઓ પ્રોત્સાહિત થઈને ખૂબ પ્રગતિ કરશે.
>
> આજે મહિલાઓ પંચાયત વિભાગમાં વહીવટ કરે છે. *પોલીસ સબઇન્સ્પેકટરથી કોન્સ્ટેબલ* સુધી સતત કાર્યરત છે. *ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ*, દાકતર અને તકનિકી ક્ષેત્રે મહિલાઓની સંખ્યા ખૂબ જ વધી છે. આપણા ગુજરાતની મહિલા રમતવીરોએ *ઑલિમ્પિકની* વિવિધ રમતોમાં દેશનું પ્રતિનિધિત્વ કરીને પોતાની સક્ષમતા પૂરવાર કરી છે. આ રીતે તેઓ પોતાના વિકાસ થકી કુટુંબ, સમાજ અને રાજ્યની પ્રગતિમાં મોટું યોગદાન આપે છે.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'સશક્ત નારી સારા સમાજનું નિર્માણ કરે છે'.***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**7 ભારતીય સમાજ પર ગાંધીજીની અસર**

મહાત્મા ગાંધી વિશે સમાચારપત્રમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગાંધીજી કહેતા કે સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુઓ છે. તેમના માટે અહિંસાની બહુ મહત્તા હતી. મન, વાણી અને વર્તનથી કોઈને દુ:ખ ન દેવું એટલે અહિંસા. *સત્ય એ જ પરમેશ્વર* એવું તેઓ માનતા. પરંતુ જો સત્યને જ જીવનમાં ઉતારી ન શકાય તો ઈશ્વરને કેવી રીતે પામી શકાય? સત્યમાં કેટલી તાકાત હોય છે તેનો ખ્યાલ મહાત્મા ગાંધીનાં જીવનમાંથી મળી શકે છે.
>
> ગાંધીજીએ પોતાની જિંદગીમાં અને દેશની લડતમાં સત્ય, અહિંસા તેમજ બીજાં મૂલ્યોને અપનાવ્યાં, જેથી બધાંને પ્રેરણા મળી અને યુવાનો આ વિશે વધારે સમજવા લાગ્યા. ગાંધીજીની આત્મકથા *સત્યના પ્રયોગો* વાંચનાર દરેકને માર્ગદર્શન મળે છે કે જો આ મૂલ્યો અપનાવે તો કોઈપણ સામાન્ય વ્યક્તિ મહાત્મા બની શકે. આથી તેઓ ગાંધીજીના સિધ્ધાંતોને અનુસરે છે.
>
> પ્રભાવશાળી આગેવાનો લોકોને ગાંધીજીનાં મૂલ્યોને અપનાવવા માટે સમજાવે છે. લોકો સાચું બોલવું, અહિંસક બનવું, શાકાહારી થવું, ચોખ્ખાઈ રાખવી વગેરે ગુણો અપનાવવા લાગ્યા જેથી તેઓની વર્તણૂકમાં પરિવર્તન આવ્યું છે. આમ, સારા સમાજની રચના થઈ રહી છે. હાલમાં શાળાઓમાં બાળકોને આ વિશે શીખવવામાં આવે છે. જેથી તેઓનો સર્વાંગી વિકાસ થાય.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો. આપનો જવાબ ગુજરાત રાજ્ય અથવા ભારતના અન્ય પ્રદેશો જ્યાં ગુજરાતી ભાષા બોલાતી હોય તેના પર જ કેન્દ્રિત હોવો જોઈએ.

*'વ્યક્તિના સારા વિકાસ માટે ગાંધીજીના ગુણો અપનાવવા જરૂરી છે'.*

**(40)**

DO NOT WRITE IN THIS AREA

**OR**

**8 પ્રવાસન**

ગુજરાતના પ્રવાસન વિશે ઇ-સમાચારમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

પ્રવાસન અને તબીબી ક્ષેત્રે ગુજરાતનો ખૂબ વિકાસ થયો છે. દાંતની કે આંખની તબીબી સારવાર કરાવવા ઉપરાંત પ્રવાસીઓ ગુજરાતનાં શ્રેષ્ઠ સ્થળોની મુલાકાત અચૂક લેતાં હોય છે. સારવાર માટે આવતા વૈશ્વિક પ્રવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં આવે છે. શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે તે માટે વિશ્રામગૃહમાં કસરતકેન્દ્ર અને તરણહોજ જેવી અનેક સુવિધાઓ ઉપલબ્ધ હોય છે.

પ્રવાસન વિભાગના વહીવટી સંચાલકના કહેવા મુજબ રાજ્ય દ્વારા પ્રસંગો અને તહેવારો માટે અનુદાન આપવામાં આવે છે. યાત્રાધામ અંબાજીમાં દર્શન કરવા, માંડવીના દરિયા કિનારે રમતગમતનો આનંદ માણવા કે કચ્છનાં રણોત્સવની મજા માણવા સહેલાણીઓ આવે છે. આ ઉપરાંત, નવરાત્રી જેવા ઉત્સવો ઉજવવા આવેલા મહેમાનોની તમામ સગવડો સચવાય તેવું આયોજન સરકાર દ્વારા કરવામાં આવે છે. સાથે સાથે સંસ્કૃતિ તેમજ પરંપરાની પણ જાણકારી મળે તેવો પ્રયત્ન કરવામાં આવે છે.

લોકો પોતાની પસંદગી પ્રમાણે સ્વાદિષ્ટ અને સાત્વિક વાનગીઓ તેમજ વિવિધ પીણાંની મજા માણી શકે તે માટેનાં ઘણાં ભોજનાલયો ખૂલ્યાં છે. તે ઉપરાંત, સ્વચ્છતા અને સુંદરતા વધારવા માટે અસંખ્ય લોકોને કામ મળ્યું છે. સરકારના હકારાત્મક અભિગમને કારણે પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાથી આ ક્ષેત્રમાં રોજગારીમાં વધારો થયો છે.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'ગુજરાત રાજ્ય પ્રવાસીઓની એક કરતાં વધુ જરૂરિયાત પૂરી પાડે છે'.***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**9 ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા**

ન્યાય વ્યવસ્થા વિશે ગુજરાત સરકારની વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચો.

ગુજરાતમાં રાજ્યના કાયદાઓમાં બદલાવ આવવાથી લોકોનો ન્યાયવ્યવસ્થામાં વિશ્વાસ વધ્યો છે. *વિશ્વાસ* નામની યોજના પોલીસને ગુનાઓ ઉકેલવામાં અને રોકવામાં મદદરૂપ થાય છે. કાયદો અને વ્યવસ્થામાં વધતા જતા આધુનિક અભિગમોને કારણે આ વિસ્તાર વિકાસશીલ પ્રદેશ તરીકે ઓળખાય છે. જેમ કે મહિલાઓ પોતાના ઘરેથી જ ડર રાખ્યા વગર ગુનાઓની જાણ કરી શકે છે.

કાયદા વ્યવસ્થામાં આવી રહેલા નવા પડકારોને પહોંચી વળવા માટે ગૃહ વિભાગ સતત સક્ષમ અને જાગૃત રહ્યો છે. ગુજરાતમાં કાયદો અને સુરક્ષાની પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તેઓ પ્રૌદ્યોગિક વિજ્ઞાનનો પણ ખૂબ ઉપયોગ કરે છે. આ નવી *સાઇબર આશ્વસ્ત યોજના* અનેક પ્રકારના *સાઇબર* ગુનાઓનો ભોગ બનેલા નાગરિકોને સાચા અર્થમાં આશ્વાસન આપવાનું કામ કરે છે.

ગુજરાત પોલીસે યુવાન લોકો અને બાળકો ફસાઈ ન જાય તે માટે જાગૃત રહીને કેટલીક બાબતોનું ધ્યાન રાખવાનું કહ્યું છે. રાજ્યમાં પોતાની અંગત માહિતી આપીને લાખો રૂપિયા ગુમાવવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. યુવાનોને સલાહ આપવામાં આવે છે કે તેમણે *ડેટિંગ એપ* ઉપર અજાણી વ્યક્તિ વિશેની માહિતી ખાસ ચકાસવી. બાળકોને પણ ચેતવણી આપવામાં આવે છે કે વ્યક્તિગત માહિતી ન આપવી અને અંગત માહિતીના બદલામાં અપાતી લાલચથી દૂર રહેવું.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'ગુજરાતમાં હવે કાયદો અને વ્યવસ્થા સુધરી રહ્યાં છે.'***

**(40)**

**Indicate your question choice on this page.**

**Indicate which question you are answering by marking a cross ☒ in the box. If you change your mind, put a line through the box ☒ and then indicate your new question with a cross ☒.**

Chosen question number: **Question 6** ☒ **Question 7** ☒

**Question 8** ☒ **Question 9** ☒

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA



P 7 5 5 3 9 A 0 1 4 1 6

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

**TOTAL FOR SECTION C = 40 MARKS**
**TOTAL FOR PAPER = 80 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA